મઢી સુગરમાં સહકાર પેનલનો દબદબો

સહકાર, કિસાન પરિવર્તન પેનલ અને અપક્ષ ઉમેદવારની એક-એક બેઠક અગાઉ બિનહરીફ થઈ હતી

બારડોલીઃ શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિમિટેડની વ્યવસ્થાપક સમિતિની સામાન્ય ચૂંટણીનું પરિણામ મઢીની મો.ક. પટેલ સાર્વજનિક શાળા ખાતે મંગળવારે જાહેર થયું હતું. જેમાં કિસાન પરિવર્તન પેનલની હાર થઈ હતી. ખેડૂત સભાસદોએ ફરી એક વખત સહકાર પેનલને સત્તાની બાગડોર સોંપી હતી. 17 પૈકી ત્રણ બેઠક બિનહરીફ થઈ હતી, જેમાં સહકાર પેનલ, કિસાન પરિવર્તન પેનલ અને અપક્ષ ઉમેદવારની એક-એક બેઠકનો સમાવેશ થાય છે. જ્યારે 14 બેઠક માટે ચૂંટણી યોજાઈ હતી. એક બિનહરીફ સહિત 9 બેઠક પર સહકાર પેનલ, એક બિનહરીફ સહિત 6 બેઠક પર કિસાન પરિવર્તન પેનલ અને અપક્ષની એક બિનહરીફ સહિત 2 બેઠક પર અપક્ષે બાજી મારી હતી.

મઢી સુગરની આ વેળા ચૂંટણી રસપ્રદ બની હતી. અંદાજિત 45.06 ટકા જેટલું મતદાન થયું હતું. જૂથવાર ચૂંટણી હોવાથી મતદારોએ પોતાના જૂથના જ ઉમેદવારોને મત આપવાના હતા. જ્યારે સ્ત્રી અનામતની 2 બેઠકો અને અનુસૂચિતજાતિ/જનજાતિ અનામત બેઠક માટે જનરલ મતદાન થયું હતું. મતગણતરી દરમિયાન તમામ 13 ઝોનનાં અલગ અલગ ટેબલો પર સવારે 9 વાગ્યે એકસાથે ગણતરી શરૂ થઈ હતી. વર્તમાન શાસક સમીર ભક્તની સહકાર પેનલને 9 બેઠકથી બહુમતી મળી હતી. જ્યારે કિસાન પરિવર્તન પેનલને માત્ર 6 બેઠક મળી શકી હતી. વ્યારા-2 બેઠક પર અપક્ષના નરેશભાઈ પટેલે બાજી મારી હતી. ઉપરાંત બિનઉત્પાદક મંડળી વિભાગમાંથી સિદ્ધાર્થ ચૌધરી પહેલાથી અપક્ષ તરીકે બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા. બંને અપક્ષ પણ સહકાર પેનલના સમર્થનમાં હોવાનો સમીર ભક્તે દાવો કર્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે, મતદારોએ સહકાર પેનલ પર વિશ્વાસ જાળવી રાખ્યો છે.

મઢી સુગર ચૂંટણીઃ માંડવી ઝોનમાં 'કિસાન' અને અનામત બેઠકો પર 'સહકાર પેનલ'નો દબદબો

હિતેશ પુટેલ

માંડવીઃ મઢી સુગર ફેક્ટરીના ડિરેક્ટર બોર્ડની ચૂંટણીનાં પરિણામો જાહેર થતાં માંડવી ઝોનમાં 'કિસાન પરિવર્તન પેનલ' અને અનામત બેઠકો પર 'સહકાર પેનલ'નો દબદબો રહ્યો છે. માંડવી-૧ બેઠક પર કિસાન પરિવર્તન પેનલના દિલીપસિંહ સંજાણસિંહ મહિડા ૨૧૩ મત (૩૭ની સરસાઈ) અને માંડવી-૨ બેઠક પર સંદીપ શર્મા ૩૧૫ મત (૨૫ની સરસાઈ) મેળવી વિજેતા બન્યા હતા. બીજી તરફ અનામત બેઠકો પર સહકાર પેનલે બાજી મારી હતી, જેમાં મહિલા અનામત બેઠક પર મોક્ષનાબેન મહિડા ૨,૩૮૫ મત મેળવી ૭૩૩ મતોની જંગી સરસાઈથી સતત બીજીવાર જિત્યા હતા, જ્યારે SC/ST બેઠક પર હરીશભાઈ ચૌધરી ૪,૪૦૨ મત મેળવી ૮૫૦ મતની લીડથી વિજયી થયા હતા. જેથી ડિસ્ટ્રિક્ટ બેંકના ડિરેક્ટર નરેન્દ્રસિંહ મહિડાનો દબદબો યથાવત રહ્યો હતો.

મઢી સુગરનું પરિણામ

૧-મઢી
સૂરજરામ રાનીયાભાઇ ચૌધરી-(કિસાન પરિવર્તન)-૪૨૦ (વિજેતા)
કાંતિભાઈ અંબુભાઈ રબારી-(સહકાર)-૩૩૪

૨-બાજીપુરા
સમીરભાઈ સીતારામભાઈ ભક્ત-સહકાર (બિનહરીફ)

૩-વાલોડ
અલ્પેશભાઇ મગનભાઇ પટેલ (સહકાર)-૪૨૨-વિજેતા
નિલેશભાઈ સુમનભાઇ પટેલ (કિસાન પરિવર્તન)-૨૫૧

૪-વાંકાનેર
અમિષકુમાર દીપકસિંહ ચાવડા (કિસાન પરિવર્તન પેનલ)-૨૮૮-વિજેતા
કિરણકુમાર ભુલાભાઇ પટેલ (અપક્ષ)-૧૩૫
નરેન્દ્રભાઇ ભવનભાઇ પટેલ (સહકાર)-૨૪૨

૫-નિઝર
અતુલભાઇ બાબુભાઇ નાયક (સહકાર)-૧૭૫ વિજેતા
અરવિંદભાઇ સોમાભાઇ પટેલ (કિસાન પરિવર્તન)-૧૬૫
હિતેશકુમાર કાંતિલાલ પટેલ(અપક્ષ)-૧૫૯

૬-વરાડ
ચિન્ટુભાઇ મહેશભાઇ પટેલ (સહકાર)-૧૮૮ વિજેતા
મનીષભાઈ સુરેશચંદ્ર પટેલ (કિસાન પરિવર્તન)-૧૫૮
અરુણભાઈ રતિલાલ પટેલ (અપક્ષ)-૧૦૫

૭-પલસોદ
જીતેન્દ્રકુમાર ડાહ્યાભાઈ પટેલ-કિસાન પરિવર્તન (બિનહરીફ)

૮-હરિપુરા
કેતનકુમાર જશુભાઇ પટેલ (કિસાન પરિવર્તન)-૨૪૫ વિજેતા
મિનેષભાઈ દેવજીભાઇ પટેલ (અપક્ષ)-૧૪૨
બાલુભાઈ પરસોત્તમભાઇ પ્રજાપતિ (સહકાર)-૬૮
હિતેનભાઈ રામભાઇ પટેલ (અપક્ષ)-૧૦
અલ્પેશકુમાર સન્મુખભાઇ પટેલ (અપક્ષ)-૦

૯-વ્યારા-૧
કમલેશભાઇ કિકુભાઇ ગામીત (સહકાર)-૪૧૪ વિજેતા
ધીરૂભાઈ બાબરભાઇ ચૌધરી (કિસાન પરિવર્તન)-૨૫૯

૧૦-વ્યારા-૨
જીજ્ઞેશકુમાર ભૂપેન્દ્રભાઇ પટેલ (સહકાર)-૩૩૨

૧૦-વ્યારા-૨
નરેશભાઈ કેશવભાઇ પટેલ (અપક્ષ)-૪૮૧ વિજેતા

૧૧-માંગરોળ-વાલિયા
રોશનભાઇ શશીકાંતભાઇ ભક્ત (સહકાર)-૨૨૭ વિજેતા
શૈલેષભાઇ ભુલાભાઇ પટેલ (કિસાન પરિવર્તન)-૨૧૫
મુકેશભાઈ ઠાકોરભાઇ ચૌધરી (અપક્ષ)-૨૮

૧૨-માંડવી-૧
દિલીપસિંહ સંજાણસિંહ મહીડા (કિસાન પરિવર્તન)-૨૧૩ વિજેતા
મહેન્દ્રસિંહ હિમ્મતસિંહ મહિડા (સહકાર)-૧૭૫
તુષારકુમાર છગનભાઇ પટેલ (અપક્ષ)-૧૫૯
નિતેશકુમાર રમેશચંદ્ર ઉપાધ્યાય (અપક્ષ)-૯૫
પંકજભાઈ કસ્તુરભાઇ ચૌધરી (અપક્ષ)-૭૫
સંજયસિંહ અજીતસિંહ ડુમસીયા (અપક્ષ)-૧૪
અજીતકુમાર કસનજીભાઇ ચૌધરી (અપક્ષ)-૨

૧૩-માંડવી-૨
સંદીપકુમાર રમેશચંદ્ર શર્મા (કિસાન પરિવર્તન)-૩૧૫ વિજેતા
દિનેશભાઇ ખુશાલભાઇ પટેલ (સહકાર)-૨૮૦
કિરણભાઈ સોમાભાઇ પટેલ (અપક્ષ)-૨૭૨
સીરાજ સીદીક પાંચભાયા (અપક્ષ)-૪૩
બાલુભાઇ દુર્લભભાઇ પટેલ (અપક્ષ)-૨૧

મહિલા સભાસદ-૧
સુમિત્રાબેન દલપતભાઇ ચૌધરી(સહકાર)-૨૧૮૫ વિજેતા
અમૃતાબેન અશોકભાઇ પટેલ (કિસાન પરિવર્તન)-૧૭૫૧

મહિલા સભાસદ-૨
પાર્વતીબેન માવજીભાઇ સાંગઠિયા(કિસાન પરિવર્તન)-૧૬૫૨
મોક્ષનાબેન નરેન્દ્રસિંહ મહિડા(સહકાર)-૨૩૮૫ વિજેતા

અનુ. જાતિ/જનજાતિ

હરીશભાઇ લાલસીંગભાઇ ચૌધરી (સહકાર) -૪૪૦૨ વિજેતા
દેવેન્દ્ર નારણભાઇ ચૌધરી (કિસાન પરિવર્તન)-૩૫૫૨

હરિપુરા બેઠક પર અપક્ષ અપક્ષ અલ્પેશકુમારને એકેય મત ન મળ્યો

મઢી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં હરિપુરા બેઠક પર અપક્ષ તરીકે ઊભા રહેલા અલ્પેશકુમાર સન્મુખભાઇ પટેલને શૂન્ય મત મળ્યા હતા. પોતાનો મત પણ મળ્યો ન હતો.

ઓટલા પર બેઠેલાં 81 વર્ષના દાદીના ગળામાંથી ચેઇન ખેંચી સ્નેચર પલાયન

તરસાડીમાં વૃદ્ધાના ગળામાંથી ત્રણ તોલાની સોનાની ચેઇન ખેંચી અજાણ્યો રફુચક્કર થઈ ગયો

વૃદ્ધા જમીન પર પડી જતાં સામાન્ય ઈજા, પોલીસ દોડતી થઈ

ઇબ્રાહીમ કાનુ

હથોડાઃ તરસાડી સ્થિત જલારામ સોસાયટીમાં સાંજે ઘરના ઓટલે બેઠેલા 81 વર્ષીય વૃદ્ધાને નિશાન બનાવી અજાણ્યો ઇસમ ત્રણ તોલા સોનાની ચેઇન આંચકીને ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે માહિતી મળતાં જ કોસંબા પોલીસે સ્થળ પર પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ઘટનાની વિગતો મુજબ તરસાડીની જલારામ સોસાયટીમાં મનુબેન હરિસિંહ સૂરમાં (ઉ.વ.81) રહે છે. તેઓ સાંજે આશરે 7:45 વાગ્યાના સુમારે પોતાના ઘરના ઓટલે ખુરશી પર બેઠાં હતાં. તેમના પતિ હરિસિંહ ગણેશજીનો પ્રસાદ આપવા માટે બાજુમાં જ આવેલા પોતાના જ મકાનમાં રહેતા લોકોને ત્યાં ગયા હતા. પતિની ગેરહાજરીનો લાભ ઉઠાવીને એક અજાણ્યો સ્નેચર ત્રાટક્યો હતો. તેણે વૃદ્ધાના ગળામાંથી આશરે ત્રણ તોલાની સોનાની ચેઇન જોરથી આંચકી લીધી હતી. આ આંચકાને કારણે વૃદ્ધા ખુરશી પરથી નીચે જમીન પર પટકાતાં તેમને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. વૃદ્ધાએ બૂમાબૂમ કરી મૂકતાં આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, પરંતુ સ્નેચર અંધારાનો લાભ ઉઠાવીને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ ઘટના અંગે કોસંબા પોલીસને જાણ કરાતાં જ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે સોસાયટી અને આસપાસના મુખ્ય માર્ગો પરનાં સીસીટીવી ફૂટેજ મેળવી અજાણ્યા સ્નેચરની શોધખોળ શરૂ કરી છે. શાંત વિસ્તારમાં સાંજના સમયે બનેલી આ ઘટનાથી સ્થાનિક રહીશોમાં ભય અને ફફડાટ વ્યાપી ગયો છે.

કીમમાં લોટના વેપારમાં રૂપિયા 3.80 લાખની ઉઘરાણી ન ચૂકવતાં ફરિયાદ

ઘઉંના લોટના કટ્ટા લઈ ગયા બાદ બાકી રકમ નહીં ચૂકવી, સેલ્સમેનને ગાળો આપ્યાનો આક્ષેપ

કીમઃ ઓલપાડના ઉમરાછી ગામે ઘઉંના લોટના વેપારમાં રૂ.3.80 લાખની બાકી રકમ નહીં ચૂકવવા તેમજ સેલ્સમેનને ગાળો આપવાના મામલે કીમ પોલીસ મથકે તાપી ટ્રેડર્સના પ્રોપરાઇટર સહિત બે વ્યક્તિ સામે ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ ફરિયાદ મુજબ ઉમરાછી ગામે વિદ્યાદીપ કોલેજ સામે રહેતા અને વેપાર કરતા મિતુલકુમાર બાબુભાઈ સોનાણીએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તાપી ટ્રેડર્સના પ્રોપરાઇટર સુખ્મા વિજેન્દ્ર ભેડિયા તથા તાપી ટ્રેડર્સના વહીવટકર્તા વિજેન્દ્ર ભેડિયા દ્વારા તેમની પાસેથી ઘઉંના લોટના અલગ-અલગ કટ્ટા લઈ જવામાં આવ્યા હતા. લોટના કટ્ટા લઈ ગયા તેની રૂ.3,80,750ની બાકી રકમ ચૂકવવાની હતી. ફરિયાદી દ્વારા વારંવાર ઉઘરાણી કરવામાં આવી હોવા છતાં બાકી રકમ ચૂકવવામાં આવી ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વધુમાં ઉઘરાણી માટે ગયેલા સેલ્સમેનને ગાળો આપી અપમાનિત કર્યાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. આ મામલે કીમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ખોલવડના યુવક સાથે 2.79 લાખની ઠગાઈ

ઈવી ચાર્જિંગ સ્ટેશન લેવાના ચક્કરમાં છેતરપિંડી થતાં પોલીસ ફરિયાદ

કામરેજઃ ખોલવડ ગામ નજીક સ્વામિનારાયણ ગ્રીન સિટીમાં રહેતા અને ઈલેક્ટ્રિક વસ્તુઓનો વેપાર કરતા સંકેત કાંતિલાલ મેંદપરા સાથે ઓનલાઇન રૂ.૨,૭૯,૮૦૦ની સાયબર છેતરપિંડી થઈ હતી.

સંકેતે ટાટા કંપનીનું ઈવી (EV) ચાર્જિંગ સ્ટેશન શરૂ કરવા માટે ઓનલાઇન ફોર્મ ભર્યું હતું. ત્યારબાદ ઠગોએ પોતાને કંપનીના અધિકારીઓ તરીકે ઓળખાવી, ૨૦ લાખના કુલ ખર્ચ સામે ૪૦ ટકા સરકારી સબસિડી અને એન.ઓ.સી. આપવાની લાલચ આપી હતી. સંકેતે રજિસ્ટ્રેશન ફી પેટે રૂ.૨૯,૮૦૦ અને બ્રાન્ડ સિક્યોરિટી પેટે રૂ.૨,૫૦,૦૦૦ મળીને કુલ રૂ. ૨,૭૯,૮૦૦ આરટીજીએસ (RTGS) મારફતે મોકલી આપ્યા હતા.

ત્યારબાદ ઠગોએ જીએસટી બિલ મોકલ્યા પછી એન.ઓ.સી. મેળવવા માટે વધુ રૂ.૪,૮૭,૯૭૦ની માંગણી કરી હતી. શંકા જતાં તપાસ કરતાં સંકેતને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. આ અંગે તેમણે કામરેજ પોલીસ મથકમાં અજાણ્યા સાયબર ઠગો સામે ફરિયાદ નોંધાવી છે.

નિલેશભાઈ બળવંતભાઈ પટેલ - ગામછીણી,ઓલપાડ

કલ્પના પટેલ - શિવનગર સોસા. નવસારી

શ્રેયસી સુકાની - જ્યોતિનગર સોસાયટી, બીલીમોરા

નોવા કિડ્ઝ and ક્લાસિસ, પાસોદરા ગામ

ધર્મી કીર્તિ - મજી ગામના સમ્રાટ ,ચીખલી.

નરેશ પટેલ - હાથીસા ગામ, ઓલપાડ

મિહિત દેસાઈ - મજીગામ, ચીખલી,

નજીવી ફીમાં મૂલ્યલક્ષી શિક્ષણનો મહાયજ્ઞ

જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલ કેમ્પસમાં એકસાથે 23 હજારથી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ

91 ભામાશાઓના સહયોગથી 2002માં શરૂ થયેલી સંસ્થા આજે ચાર શૈક્ષણિક વિભાગો સાથે વિશાળ વિદ્યાસંકુલ બની

1,400થી વધુ શૈક્ષણિક-બિનશૈક્ષણિક સ્ટાફ, 171થી વધુ સ્કૂલ બસ અને 900થી વધુ CCTV કેમેરાથી સુસજ્જ કેમ્પસ

સુરતઃ સમાજના મોભી સમાન ટ્રસ્ટીઓ અને દાતાઓના સહયોગથી શિક્ષણ અને સમાજસેવાનો મહાયજ્ઞ આગળ ધપાવતી શ્રી ભાવનગર જિલ્લા લેઉઆ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત જે.બી. એન્ડ કાર્પ વિદ્યા સંકુલ આજે હજારો વિદ્યાર્થીઓ માટે ગુણવત્તાસભર, સંસ્કારયુક્ત અને મૂલ્યલક્ષી શિક્ષણનું કેન્દ્ર બન્યું છે. વર્ષ 2002માં સ્થાપિત થયેલા આ ટ્રસ્ટ દ્વારા શિક્ષણની સાથે મેડિકલ ક્ષેત્રે પણ નોંધપાત્ર સેવાકીય કામગીરી કરવામાં આવી રહી છે. વર્ષ 2009માં માત્ર 400 બાળકો સાથે શરૂ થયેલા વિદ્યા સંકુલમાં અત્યાર સુધીમાં 23 હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચૂક્યા છે. સંસ્થાના જણાવ્યા મુજબ, છેલ્લા 14 વર્ષથી વિદ્યાર્થીઓ પાસેથી એક પણ રૂપિયો ફી વધાર્યા વિના નજીવી ફીમાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કાર, રાષ્ટ્રપ્રેમ અને સમાજસેવાના મૂલ્યોનું સિંચન થાય તેવો પ્રયાસ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. હાલ વિદ્યા સંકુલના કેમ્પસમાં ચાર વિભાગ કાર્યરત છે. તેમાં ગુજરાતી માધ્યમની મિશ્રશાળા, ગુજરાતી માધ્યમની કન્યાશાળા, અંગ્રેજી માધ્યમની CBSE શાળા તથા અંગ્રેજી માધ્યમની GSEB શાળાનો સમાવેશ થાય છે. 91 જેટલા ભામાશાઓ, ટ્રસ્ટીઓ અને દાતાઓના સહયોગથી શરૂ થયેલી આ સંસ્થાએ શિક્ષણ અને આરોગ્યસેવાના ક્ષેત્રે સતત વિસ્તરણ કર્યું છે.

પ્રાર્થના ખંડથી વ્યક્તિત્વ વિકાસ પર ભાર

વિદ્યાર્થીઓ નાનપણથી જ પોતાની સુષુપ્ત શક્તિઓ અને પ્રતિભાને વિકસાવી શકે તે માટે સંકુલમાં આશરે 15 વિશાળ પ્રાર્થના ખંડોની વ્યવસ્થા છે. શિક્ષણની સાથે સંસ્કાર અને વ્યક્તિત્વ વિકાસને પણ મહત્વ આપવામાં આવે છે.

2025-26માં ધોરણ 10 અને 12નું નોંધપાત્ર પરિણામ

શાળાના જણાવ્યા મુજબ વર્ષ 2025-26ના પરિણામમાં ધોરણ 10માં 338 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ અને 447 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યો હતો. જ્યારે ધોરણ 12માં 109 વિદ્યાર્થીઓએ A1 અને 234 વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવ્યો હતો. વિદ્યા સંકુલમાં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓમાંથી આજદિન સુધીમાં 800થી વધુ એન્જિનિયર, 100થી વધુ ડોક્ટરો, CA, CS, આર્મી તથા પોલીસ અધિકારીઓ અને વિવિધ સરકારી સેવાઓમાં અધિકારીઓ બન્યા છે.

1,400થી વધુ સ્ટાફ સંસ્થાની તાકાત

વિદ્યા સંકુલમાં હાલમાં 1,400થી વધુ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ કાર્યરત છે. સંસ્થાના જણાવ્યા મુજબ, સ્ટાફની નિષ્ઠા અને સતત મહેનત સંસ્થાના વિકાસ અને વિસ્તરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

1.25 લાખ ચોરસ ફૂટનું વિશાળ મેદાન અને ગાર્ડન

વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ તથા વિવિધ રમતગમતની પ્રવૃત્તિઓ માટે આશરે 1.25 લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં વિશાળ ગાર્ડન અને મેદાન વિકસાવવામાં આવ્યું છે. કેમ્પસમાં 1,250 બેઠકની ક્ષમતાવાળું વિશાળ ઓડિટોરિયમ તેમજ 180 બેઠકનું મિની ઓડિટોરિયમ પણ કાર્યરત છે. વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને અન્ય કાર્યક્રમો માટે આ સુવિધાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

ડિજિટલ શિક્ષણ સાથે પ્રેક્ટિકલ લેબની સુવિધા

આધુનિક શિક્ષણની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સંકુલમાં 13 કોમ્પ્યુટર લેબ તથા સ્માર્ટ વર્ગખંડોની વ્યવસ્થા કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને ડિજિટલ યુગને અનુરૂપ શિક્ષણ મળી રહે તે માટે કોમ્પ્યુટર આધારિત અભ્યાસ પર ભાર મૂકવામાં આવે છે. સાયન્સ અને ગણિત જેવા વિષયોને માત્ર પુસ્તકી જ્ઞાન સુધી મર્યાદિત ન રાખીને પ્રેક્ટિકલ રીતે સમજાવવા માટે કેમિસ્ટ્રી, ફિઝિક્સ, બાયોલોજી અને લેંગ્વેજ લેબ પણ ઉપલબ્ધ છે.

સોલારથી વીજળી, 1,300થી વધુ વૃક્ષો

શાળા કેમ્પસને પર્યાવરણલક્ષી બનાવવાના પ્રયાસરૂપે શાળાની જરૂરીયાતની વીજળી માટે 500 KWની સોલાર સિસ્ટમ સ્થાપવામાં આવી છે. સાથે જ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે અને તેઓ વિવિધ વૃક્ષોને ઓળખી શકે તે માટે કેમ્પસમાં 1,300થી વધુ નાના-મોટા વૃક્ષો વાવવામાં આવ્યા છે. આ રીતે શિક્ષણની સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે.

171થી વધુ સ્કૂલ બસ, 900થી વધુ CCTV

વિદ્યાર્થીઓની અવરજવર અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને સંકુલ દ્વારા 171થી વધુ સ્કૂલ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર વિદ્યાસંકુલનું મોનિટરિંગ અને વિદ્યાર્થીઓની સલામતી માટે કેમ્પસમાં 900થી વધુ CCTV કેમેરા લગાવવામાં આવ્યા છે.

શિક્ષણ સાથે મેડિકલ ક્ષેત્રે પણ સેવા

વર્ષ 2007થી ટ્રસ્ટ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં મેડિકલ સેન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે. વરાછા, ડભોલી-કતારગામ, મોટા વરાછા તથા લસકાણા ખાતે મળી કુલ ચાર મેડિકલ સેન્ટરો કાર્યરત છે. આ કેન્દ્રોમાં સોનોગ્રાફી, એક્સ-રે, આંખ વિભાગ, દાંત વિભાગ, લેબોરેટરી અને જનરલ ફિઝિશિયન સહિતની વિવિધ તબીબી સેવાઓ રાહત દરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ટ્રસ્ટના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં 75 લાખથી વધુ લોકોએ આ મેડિકલ સેવાઓનો લાભ લીધો છે.